SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 77. ઉત્તર ગુજરાતની વિચરતીજાતિનું લોકસાહિત્ય અને લોક સંસ્કૃતિ

રબારી મેઘાબેન વાઘજીભાઈ

પ્રસ્તાવના :-

ઉત્તર ગુજરાત એ સાહિત્ય અને સંસ્કૃતિનું સંગમ સ્થાન રહ્યું છે. અને મુખ્યત્વે આનું કેન્દ્ર પાટણ ગણાય છે. ઉત્તર ગુજરાતમાં ગાંધીનગર ગ્રીન સીટી થી બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા મહેસાણા,જેવા જીલ્લા નો સમાવેશ થયો છે. જેમાં ભારતીગત વિવિધતા જોવા મળે છે. અરવલ્લીની ગિરિમાળાઓ અનેક મોટો સાંસ્કૃતિક વારસો જાળવી બેઠી છે. તો તારંગા ના જૈન મંદિરો આપણી પ્રાચીન સંસ્કૃતિને સાચવી બેઠા છે. અંબાજી,મોઢેરા, મહુડી જેવા સ્થાનો ઉત્તર ગુજરાતની આગવી ઓળખ છે. આજ ઉત્તર ગુજરાતમાં વિચરતી જાતિનો એક મોટો વર્ગ રહે છે. જે પોતાની રહેણીકરણી, પરંપરા અને સંસ્કૃતિથી અલગ કરી આવે છે. આપણે સૌ પ્રથમ વિચરતી જ્ઞાતિ એટલે શું? તેના વિશે જોઈએ..

## વિચરતી જાતિ .

વિચરતી જ્ઞાતિ એટલે પોતાની ઓળખાણ વગર રહેલા અસંગઠિત લોકોનો સમૂહ. આખા દેશમાં જેમનું કોઈ રહેઠાણ ના હોય સતત ભટકતું જીવન જીવતા હોય. તેમની રોજી રોટી ની કોઈ વ્યવસ્થા ના હોય.

સીધી રીતે કહીએ તો તરછોડાયેલા લોકોનો એક લોક સમૂહ. જેમાં બજાણીયા, ભાટ, ગારુડી, કાથોડી,નાથ, તુરી,વાદી ભવૈયા, બાવા વેરાગી, મારવાડા વાઘરી, ઓડ, પારગી, રાવળ, સરાણીયા,ચારણ, ગઢવી,રબારી ભરવાડ વગેરેનો સમાવેશ થાય છે. આમ સતત એક સ્થાનેથી બીજા સ્થાને ભટકતી પ્રજા એટલે વિચરતી જ્ઞાતિ આપણે તેના સાહિત્ય વિશે જોઈએ..

## જાતિનું લોક ઉત્તર ગુજરાતની વિચરતી સાહિત્ય :-

લોકસાહિત્ય એટલે લોકોવડે રચાયેલી રચનાઓ જેના કોઈ લેખક કે કવિ હોતા નથી. આમ ઉત્તર ગુજરાતમાં આવી જ્ઞાતિઓ સતત ભ્રમણ કરે છે. તેથી તેમની પાસે મૌખિક સાહિત્ય આપણને પ્રાપ્ત થાય છે. જેમાં..

| | |
|---|---|
| શ્રમગીતો | લગ્ન ગીતો |
| મરશિયા | ભજન |
| ભવાઈ | ગીતો |
| ચારણી ગીતો | ગીત કથા |

વગેરેનો સમાવેશ થાય છે. રૂઢિપ્રયોગો,કહેવાતો, ઉખાણા વ્રતકથાઓ, રાજીયો વગેરે પણ વિચરતી જાતિનું મૌખિક સાહિત્ય જોવા મળે છે. વિચરતી જાતિમાં સૌથી મોટો સાહિત્યમાં ફાળો ચારણ અને ગઢવી જ્ઞાતિઓનો છે. જે તે સમયે રાજા રજવાડાઓને બિરદાવાનું કામ ચારણો જ કરતા તેમની વાણી માં એક અલગ તેજ નીડરતા અને સ્વમાન જોવા મળતું. એવી રીતે મધ્યકાળમાં ભવાઈ ખૂબ જ પ્રચલ થતી પાટણ આજુબાજુના પ્રદેશોમાં ભવાયા દ્વારા ભવાઈ રમવામાં આવતી. કાવ્ય બોલ સાહિત્ય કંઠસ્થ હતું. ભવાઈ દ્રશ્ય સ્વરૂપ પ્રચલિત લોક નાટ્ય હતું અસાઈ ઠાકર અને આસારામ ઠાકરે ભવાઇના 350 જેટલા વેશ તૈયાર કર્યા હતા. જે ગુજરાતના અલગ અલગ ગામડાઓમાં ભવાયા દ્વારા ભજવવામાં આવતા. જેમાં મહેસાણા પાટણ અને બનાસકાંઠા આનું કેન્દ્ર સ્થાન રહ્યા છે. આ ભવાઈ ગીતોમાં દુહા સાખી, છંદ,રાસડા,ભજન,ગરબી વગેરેનો સમાવેશ થાય છે. આ મનોરંજન ગીતો ગ્રામ પ્રજામાં ઠેર ઠેર ગવાય છે.

" ઘાસ કે ભવાઈ રમે જવલ જોવા ગઈ તી "
જવલ ની સાસુદરણો કરે આટલો દરનું દરજી,
હું તો દર નું ડરતી નથી ખાનાર ઈ મરજો.
અડધી રાતે ભાગી જવલ ભવાયા ભેગી વૈ ગઈ "

ભવાઈના ફળ સ્વરૂપ ભુંગળ નામનું લોકવાદ્ય પણ ભવાયા પાસે જોવા મળે છે. સંગીત અને લોક નૃત્ય,લોકગીતો,ભજન વગેરે જોવા મળે છે જેમાં તેમની લોક બોલી રીત રિવાજોનો પડઘા સંભળાય છે. નવરાશના સમયે આ બધી સ્ત્રીઓ ભેગી મળી સાંજીના ગીતો ગાય છે.

મંડપ ઉપરનાગીતો,ચાક વધારવાના ગીતો,ગોતરડાના ગીતો,ઢોલપૂજન ના ગીતો, ફુલેકાના ગીતો, પ્રભાતિયા,રાંદલ ના ગીતો વગેરે ગીતોનો સમાવેશ થાય છે . આ તમામ સાહિત્ય મૌખિક સ્વરૂપે હતું જે હવે લેખિત ક્યાંક ને ક્યાંક જોવા મળે છે. ઉત્તર ગુજરાતમાં બીજેપી જાતિઓમાં રબારી જાતિઓના ગીતો પણ સવિશે જોવા મળે છે રબારી ભરવાડ ચારણ સમાજમાં પ્રસંગોપાત ગીતો ગવાય છે.

" પાટણ ટોપી જુનાગઢના સે મોતી "

પેરો કુવર મારા પાતળા, કુટુંબ તમને રે લાયા "

વગેરે ગીતો પ્રચલિત છે. વિચરતી જાતિમાં અનેકો પરંપરાઓ છે. ઓડ,ભાટ,ભવાયા, ચારણ, બજાણીયા, મદારી જીવ જ્ઞાતિમાં અલગ અલગ પ્રસંગે અલગ અલગ ગીતો ગવાય છે. ત્યાં તેમની લોક સંસ્કૃતિ અને લોકસાહિત્ય પ્રકટ થાય છે..

## વિચરતી જાતિની લોક સંસ્કૃતિ :-

વિચારતી જાતિ ઓમાં અનેક જાતિઓનો સમાવેશ થાય છે. અલગ અલગ જાતિને અલગ અલગ પરંપરાઓ અને ઉત્સવો છે. ઓડ જ્ઞાતિમાં ચોમાસા દરમિયાન લગ્ન કરવામાં આવે છે. અને આ જ જ્ઞાતિમાં ગધેડા પૂજન નું અલગ મહત્વ છે. ચારણ અને ઘડી સમાજના દુહા અને છંદો ખૂબ પ્રચલિત છે. તેમના લગ્ન અને મામેરા પ્રસંગમાં પણ ગવાય છે. રબારી અને ભરવાડ જ્ઞાતિની સ્ત્રીઓ નવરાશના સમયે ભરતગુંથણ જેવું કાર્ય કરે છે. તેમજ તેમના લગ્ન ગીતો અને પ્રસંગો ના ગીતો ને ભરતગુંથન કરતા કરતા તાજા કરે છે. મદારી જ્ઞાતિ સતત ભ્રમશીલ છે. તેમના લગ્ન પ્રસંગ ના નિયમો થોડાક અલગ કરી આવે છે. રાવળ જ્ઞાતિને દેવ તરીકે માનવામાં આવે છે. મરણ પછી તેમને જમીનમાં ભંડારવામાં આવે છે. તે અંગેના તેમના ગીતો તેમની આગવી ઓળખ છે. રબારી સમાજમાં રાતે રમેણમાં ગવાથી સરજુ હજી પણ એ સમાજ જોડે જ છે.જે અન્ય સમાજના લોકોને મૌખિક કે લેખિત સ્વરૂપે મળી નથી. ભાટ જ્ઞાતિમાં હોળી પ્રસંગે ગવાતા ગીતો પ્રચલિત છે. ઉત્તર ગુજરાતના સાબરકાંઠા વિસ્તારમાં અને બનાસકાંઠા વિસ્તારમાં મદારી અને વાદી જ્ઞાતિ જોવા મળે છે. તેમનો મુખ્ય વ્યવસાય સાપ પકડવાનો હતો. પરંતુ કાળક્રમે તેઓ છૂટક મજૂરી તરફ વળ્યા છે. આમ વિચરતી જ્ઞાતિ અનેક લોક પરંપરાઓ ધરાવે છે. અને લોક સંસ્કૃતિનો ખૂબ મોટો વારસો ધરાવે છે.

## સંદર્ભ સાહિત્ય :-

- ગુજરાતની લોક સંસ્કૃતિ. લે. હસુતાબેન સેદાણી
- લોકગીત તત્વ અને તંત્ર ડો.બલવંત જાની
- ગુજરાતી લોક સંસ્કૃતિ- ડો હસુલતાબેન સેદાણી